અપીલ અરજી નં.૧૩૨/૦૮–૦૯ તા. ૧૮–૮–૦૮

અરજદાર: શ્રીકલ્યાણ બાબુરાવ શ્હાણે
સામાવાળા: કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોન

**હુકમ:–**

**વિષય :**–આરટીઆઈ એકટ હેઠળ શ્રીકલ્યાણ બાબુરાવ શ્હાણે ની તા.૨૯–૭–૦૮ ની અરજીથી પ્લોટ નં.૨૧,૨૨ સેન્ટ્રલ પાર્ક જી.આઈ.ડી.સી પાંડેસરા સુરત ઉપર કારખાનાનું બાંધકામ ચાલુ છે. તેના પ્લાન પાસ કરેલ છે કે કેમ? આગળ પાછળ જગ્યા છોડેલ છે કે કેમ? બી.યુ.સી. મેળવેલ છે કે કેમ? અને તે કોની માલીકીનું છે. પ્લાન પાસ હશે તો પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવે છે કે કેમ? પ્લાન પાસ કરેલા હોયતો પ્લાનની નકલ આપવી.તેમજ સદર બાંધકામની તા.૨૯–૭–૦૮ સુધી આકારણી થયેલ છે કે કેમ? તેની વિગત આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૮–૮–'૦૮ ની અપીલ અરજી નં.૧૩૨/૨૦૦૮–૦૯

શ્રીકલ્યાણ બાબુરાવ શ્હાણે ની તા.૨૯–૭–૦૮ ની અરજીથી પ્લોટ નં.૨૧,૨૨ સેન્ટ્રલ પાર્ક જી.આઈ.ડી.સી પાંડેસરા સુરત ઉપર કારખાનાનું બાંધકામ ચાલુ છે. તેના પ્લાન પાસ કરેલ છે કે કેમ? આગળ પાછળ જગ્યા છોડેલ છે કે કેમ? બી.યુ.સી. મેળવેલ છે કે કેમ? અને તે કોની માલીકીનું છે. પ્લાન પાસ હશે તો પ્લાન મુજબ બાંધકામ કરવામાં આવે છે કે કેમ? પ્લાન પાસ કરેલા હોયતો પ્લાનની નકલ આપવી.તેમજ સદર બાંધકામની તા.૨૯–૭–૦૮ સુધી આકારણી થયેલ છે કે કેમ? તેની વિગત આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં. સાઉઝોન/અકણ/૬૨૭ તા.૧૨–૮–૦૮થી આપેલ માહિતી અધુરી હોવાનું જણાવી. તેવા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૮–૮–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૪૫૮ તા.૨૭–૮–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૪૬૦૦ તા.૮–૯–૦૮ થી માહિતી અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારે મુળ અરજીમાં માંગવામાં આવેલી માહિતી પૈકી આકારણીને લગતી માહિતી નં.સા.ઝોન/અકણ/૬૨૭ તા.૧૨–૮–૦૮ થી અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે રજુ કરેલ છે. જયારે વિશેષ માહિતીમાં સા.ઝોન/ટેક./આ.નં.૪૦૬૧ તા.૨૦–૮–૦૮ થી બાંધકામને લગતી માહિતી" પાંડેસરા જીઆઈડીસી ના સેન્ટ્રલ પાર્ક નામે ઓળખાતી મિલ્કતના પ્લાનો નં.ટીડીઓ/૨૧૩ તા.૧૩–૧૨–૦૪ થી મંજુર થયેલ છે પ્લોટ નં.૨૧,૨૨નું બાંધકામ મંજુર પ્લાન મુજબ શરૂ કરવામાં આવેલ છે. ટેનામેન્ટ ટાઈપ લે આઉટ હોઈ આગળ પાછળ માર્જીન છોડવાનું રહેતું નથી. સ્થળ પર હાલમાં બાંધકામ ચાલુ હોઈ હાલ તબકકે બીયુસી મેળવવાની રહેતી નથી. અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ લે આઉટ પ્લાન સીતુર્જીયા બાયો કેમીકલ લિ.ના કુલ મુખતાર શ્રી સુરેન્દ્ર ભાઈ શાંતિલાલ શેઠના નામે મંજુર થયેલ છે." આ રીતે બાંધકામની માહિતી અરજદારને પૂરી પાડયાની નકલ અત્રે રજુ કરેલ છે તેમજ પ્લાન પાસ અંગે અરજદારની માંગણી મુજબ રૂા.૬૦/– જમા કરી મેળવી લેવા પણ જણાવેલ છે. અરજદારની માંગ્યા મુજબની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવે છે આમ અરજદારે અપીલ અરજીમાં સુમનપામાં પ્લાન પાસ કરેલ છે કે કેમ તેના પ્લાન મુજબ કામ થયેલ છે કે કેમ?તેની માહિતી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારની તા.૨૯–૭–૦૮ની અરજીથી માંગ્યા મુજબની માહિતી અરજદારને કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આકારણી સબંધિત માહિતી નં.સા.ઝોન/અકણ/૬૨૭ તા.૧૨–૮–૦૮ થી તથા બાંધકામના પ્લાન બીયુસી શહેર વિકાસ સબંધિત માહિતી તેમજ અપીલ અરજીમાં જણાવેલ આધાર મુદ્દાઓ સહિત સુરત મહાનગરપાલિકામાં પ્લાન પાસ કરેલ છે કે કેમ? અને પ્લાન મુજબ કામ થયેલ છે કેમ તથા બીયુસી અંગે માહિતી સા.ઝોન/ટેક./આ.નં. ૪૦૬૧ તા.૨૦–૮–૦૮ થી અરજદારને સમય મર્યાદામાં પૂરી પાડવામાં આવેલ છે. અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીએ જણાવેલ નિયત ફી ભરી નકશાની નકલ મેળવી શકે છે. આથી માંગ્યા મુજબની માહિતી અરજદારને પૂરી પડાયેલ હોઈ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૯ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી ,ઉધના ઝોન જાણ તથા અમલ માટે
(૨) શ્રીકલ્યાણ બાબુરાવ શ્હાણે,.